જનસુવિધાના વિકાસ કામો માટે ૫૧૦૦ કરોડ ફાળવાશે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો જનહિતકારી નિર્ણય : સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે નગરો-મહાનગરો- શહેરી વિકાસ સત્તામંડળોને ફાળવણી

ગાંધીનગર, તા.૨૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરો-મહાનગરોના સુઆયોજિત સર્વગ્રાહી વિકાસ માટેની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ૨૦૨૨-૨૩ના વર્ષ માટે ૫૧૦૦ કરોડ રૂપિયાની ફાળવણીનું આયોજન કર્યુ છે. રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગે આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજુ કરેલી વિસ્તૃત ફાળવણી આયોજન દરખાસ્તને તેમણે મંજૂરી આપી છે.

મુખ્યમંત્રી પટેલે આ ૫૧૦૦ કરોડ રૂપિયાની રાશિ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ તથા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા મહાનગરો, નગરો અને શહેરી વિકાસ સત્તામંડળોને આપવાની પણ અનુમતિ આપી છે.

તદ્દઅનુસાર, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડને રૂ. ૩૮૦૬ કરોડની રકમ રાજ્યના મહાનગરો, નગરો તથા સત્તામંડળોમાં વિવિધ જનહિત વિકાસ કામોના હેતુસર ઉપયોગમાં લેવા ફાળવવામાં આવશે અને ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશનને રૂ. ૧૨૯૪ કરોડ ફાળવવામાં આવશે.

GMFB અને GUDMને ફાળવાનારી આ રકમમાંથી રાજ્યની મહાનગરપાલિકાઓને રૂ. ૩૩૪૫ કરોડ, નગરપાલિકાઓને રૂ. ૧૬૨૮ કરોડ તથા શહેરી વિકાસ સત્તામંડળોને રૂ. ૧૨૭ કરોડની રકમ વિકાસ કામો માટે અપાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર, વિવિધ આંતર માળખાકીય વિકાસ કામો માટે ૮ મહાનગરપાલિકાઓને રૂ. ૧૯૧૭ કરોડ, નગર પાલિકાઓને રૂ. ૩૭૯ કરોડ અને શહેરી વિકાસ સત્તામંડળોને રૂ. ૭૨ કરોડ આપવાની જોગવાઈ સુનિશ્ચિત કરી છે.

મુખ્યમંત્રી શહેરી સડક યોજના માટે રૂ. ૫૦૦ કરોડની ફાળવણી થશે તેમાંથી ૮ મહાનગરપાલિકાઓને રૂ. ૩૦૦ કરોડ અને નગરપાલિકાઓને રૂ. ૨૦૦ કરોડ ફાળવવામાં આવશે. એટલું જ નહિ, ખાનગી સોસાયટી જનભાગીદારીના કામો માટે રૂ. ૩૫૦ કરોડ અને આગવી ઓળખના કામો માટે ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. મહાનગરપાલિકા તથા નગરપાલિકા વિસ્તારોમાં ટ્રાફિક સમસ્યા નિવારણ માટે ફલાય ઓવર બનાવવા માટે રૂ. ૨૫૦ કરોડ ફાળવાશે. આ ઉપરાંત ૮ મહાનગર પાલિકાઓના આઉટગ્રોથ વિસ્તાર વિકાસ માટે રૂ. ૨૩૮ કરોડની ફાળવણી થશે. મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના અન્વયે ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશનને રૂ. ૧૨૯૪ કરોડ નગરો-મહાનગરોમાં નાગરિક સુવિધા વૃદ્ધિના વિકાસ કામો માટે ઉપયોગમાં લેવા ફાળવવામાં આવશે. આ રકમમાંથી ભૂગર્ભ ગટર, પાણી પુરવઠા, નળ થી જળ કાર્યક્રમ અન્વયે પીવાના પાણી માટેના વિતરણ કામો, નગરોમાં મુખ્યમંત્રી બસ પરિવહન સુવિધા તેમજ નગરપાલિકાઓને સંચાલન અને નિભાવણી ખર્ચ સહાય આપવામાં આવશે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, રાજ્યના મહાનગરો અને નગરોમાં નાગરિક સુવિધા સુખાકારી કામોને વેગ આપવા ગુજરાત રાજ્યના સ્થાપનાની સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૦૯-૧૦ થી આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અમલમાં મુકવામાં આવેલી છે.

અમદાવાદ રથયાત્રામાં ૧૮ શણગારેલા ગજરાજ, ૧૦૧ ટ્રક, ૩૦ અખાડા હશે

અષાઢી બીજે રથયાત્રાને પોલીસે પરવાનગી આપી દીધી : હરિદ્વાર, અયોધ્યા, નાસિક, ઉજ્જૈન, જગન્નાથપુરી અને સૌરાષ્ટ્રમાંથી ૨૦૦૦ સાધુસંતો રથયાત્રામાં ભાગ લેશે

અમદાવાદ, તા.૨૭

અષાઢી સુદ બીજે દિવસે ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને સુભદ્રાજી સાથે નગરચર્યાએ નીકળતા હોય છે. ભગવાન જગન્નાથની આ વર્ષે ૧૪૫મી રથયાત્રાને લઈ અને જમાલપુર જગન્નાથ મંદિર તરફથી તમામ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. રથયાત્રા મહોત્સવ અંગે માહિતી આપતા મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ જણાવ્યું હતું કે રથયાત્રાની પોલીસ પરમિશન આપવામાં આવી છે જેમાં ૧૮ શણગારેલા ગજરાજો, ૧૦૧ ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતા ટ્રકો, ૩૦ અખાડા, ૧૮ ભજન મંડળીઓ, ૩ બેન્ડવાજા રહેશે. હરિદ્વાર, અયોધ્યા, નાસિક, ઉજ્જૈન, જગન્નાથપુરી અને સૌરાષ્ટ્રમાંથી ૨૦૦૦ જેટલા સાધુસંતો રથયાત્રામાં ભાગ લેવા આવશે. કોરોનાના કેસો વધ્યા છે જેથી કોરોનાના નિયમો છે જેથી લોકો માસ્ક પહેરી અને દર્શન કરવા આવે. મંદિરમાં પણ ત્રણ દિવસ ઉત્સવોમાં લોકો આવે ત્યારે માસ્ક પહેરીને આવે. રથયાત્રાનો રૂ. ૧.૫ કરોડનો વીમો લેવામાં આવશે.

રથયાત્રાના કાર્યક્રમ અંગેની માહિતી આપતા મહેન્દ્ર ઝાએ જણાવ્યું હતું કે ૨૯, ૩૦ જૂન અને ૧ જુલાઈ એમ ત્રણ દિવસ મંદિરમાં ઉત્સવનો માહોલ રહેશે. ૨૯મી જુને જેઠ વદ અમાસના દિવસે ભગવાન મામાના ઘરેથી પરત આવશે. જેથી સવારે ૭ વાગ્યે ભગવાન જગન્નાથ બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામની ગર્ભગૃહમાં રત્ન વેદી પર પ્રતિષ્ઠા કરવામાં આવશે. સવારે ૭:૩૦ વાગ્યે ભગવાનની નેત્રોત્સવ વિધિ કરવામાં આવશે જેમાં ભગવાનના આંખે પાટા બાંધવામાં આવશે. ત્યારબાદ ધ્વજારોહણ અને મહાઆરતી કરવામાં આવશે. જેમાં ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ હાજરી આપશે. ૨૯મી જૂનના રોજ સવારે ૧૧ વાગ્યે દેશના વિવિધ રાજ્યો અને શહેરમાંથી આવેલા તમામ સાધુ- સંતોનો ભંડારો યોજાશે. ભંડારા બાદ તમામ સાધુ-સંતોને વસ્ત્રોનું દાન કરવામાં આવશે.

ગણપત વિશ્વ વિધાલય ખાતે 'યુવા ભારત માટે નવું ભારત - અનેક તકો' કાર્યક્મ યોજાયો

કેન્દ્રીય ઈલેક્ટ્રોનીક અને આઈટી રાજ્યમંત્રીશ્રી રાજીવ ચંદ્રશેખરે સ્ટાર્ટઅપ, ઉધોગસાહસિકો અને વિધાર્થીઓને

મહેસાણા

મહેસાણા જિલ્લાના ગણપત વિશ્વ વિધાલય ખાતે યુવા ભારતના માટે નવું ભારત અનેક તકોના

કાર્યક્મમાં ઉપસ્થિત કેન્દ્રીય ઈલેક્ટ્રોનીક અને આઈટી રાજ્યમંત્રીશ્રી રાજીવ ચંદ્રશેખરે જણાવ્યું હતું કે ભારત, છેલ્લાં ૭ વર્ષોમાં, ૭૦,૦૦૦થી વધુ નોંધાયેલાં સ્ટાર્ટઅપ્સ અને ૧૦૦ યુનિકોર્ન સાથે વિશ્વની સૌથી વધુ ગતિશીલ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ તરીકે ઉભરી આવ્યું છે.

કેન્દ્રીય ઈલેક્ટ્રોનીક અને આઈટી રાજ્યમંત્રીશ્રી રાજીવ ચંદ્રશેખરે ઉમેર્યુ હતું કે ગુજરાતમાં વિદ્યાર્થીઓ અને સ્ટાર્ટઅપ્સને તેમના ઈનોવેશન પ્રત્યેના જુસ્સાને આગળ વધારવા માટે પ્રેરણા આપી રહ્યા છે. વિદ્યાર્થીઓ અને સ્ટાર્ટઅપને ઉભરતી ટેકનોલોજીઓમાં કૌશલ્ય પ્રાપ્ત કરવા માટે પ્રેરણા આપતાં તેમણે ઉમેર્યું હતું કે, "આગળ વધવાનો માત્ર એક જ મંત્ર છે – આવિષ્કાર, આવિષ્કાર અને આવિષ્કાર. આવિષ્કાર આપણું તેમજ રાષ્ટ્રના ભવિષ્ય નિર્માણ કરશે તેમ જણાવી તેમણે સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગસાહસિકો ભારતીય અર્થતંત્રને ટ્રિલિયન તરફ લઈ જશે તેમ ઉમેર્યું હતું.

સંવાદમાં વિદ્યાર્થીઓ અને સ્ટાર્ટઅપ્સે સંખ્યાબંધ પ્રશ્નો પૂછ્યા હતા. તેમના પ્રશ્નોમાં બ્લોકચેઈન, ક્રિપ્ટોકરન્સી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, મેટાવર્સ વગેરે મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા. મંત્રીએ તમામ પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા અને તેમને ડ્રોન ટેકનોલોજી, અવકાશ ક્ષેત્ર તેમજ આવનારા સમયના અન્ય મુદ્દાઓ વિશે અન્ય માહિતી પણ આપી હતી.

ગણપત યુનિવર્સિટીની મુલાકાતનો બહુપ્રતીક્ષિત ભાગ હતો યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે મંત્રીની ફાયરસાઈડ ચેટ યોજાઈ હતી. ત્રણ વિદ્યાર્થીઓએ મંત્રીનો ઈન્ટરવ્યુ લીધો અને તેમના પ્રારંભિક જીવનના અનુભવથી લઈને ઉદ્યોગસાહસિક પ્રવાસથી લઈને ડિજિટલ ઈન્ડિયા પરના પ્રશ્નો અને ટેકડે યુવાનોને તક આપે છે તે અંગેના પ્રશ્નો પૂછ્યા હતા.

આ સંવાદમાં પ્રેક્ષકોએ ખૂબ જ રસપૂર્વક ભાગ લીધો હતો અને સ્ટાર્ટઅપ તેમજ વિદ્યાર્થીઓ વિષયવસ્તુ પર મંત્રીશ્રીના વ્યાપક જ્ઞાનથી પ્રભાવિત થઈ ગયા હતા.

રાજ્ય શિક્ષણમંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે ગણપત યુનિવર્સિટીએ "શિક્ષણ દ્વારા સમાજનો ઉત્થાન" વિધાનને સાચા અર્થમાં મૂર્તિમંત કર્યુ છે .તેમણે ઉમેર્યુ હતું કેગણપત દાદાએ છેલ્લા ૨૫ વર્ષથી પોતાની માતૃભૂમિની આદર કરી છે, જેના ફળદાયી પરિણામ તરીકે, ગુજરાતને ગણપત યુનિવર્સિટી જેવી હાઈ-ટેક સંસ્થા મળી છે.

આ પ્રસંગે ગણપત યુનિના ગણપતભાઈ પટેલ ઓનલાઈન માધ્યમથી જોડાઈ ગણપત વિશ્વ વિધાલય અને તેની સિધ્ધીઓ બાબતથી અવગત કર્યા હતા.આ પ્રસંગે મંત્રીશ્રીએ ગણપત વિશ્વ વિધાલયના સ્ટાર્ટઅપસને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમમાં ધારાસભ્ય રમણભાઈ પટેલ, અગ્રણી ગોવિંદભાઈ પટેલ, આનંદભાઈ પટેલ, ઉચ્ચ શિક્ષણના કમિશ્નર એમ. નાગરાજન,તકનીકી શિક્ષણના ડાયરેક્ટર જી. ટી પંડ્યા. ગણપત યુનિના પ્રો ચાન્સેલર મહેન્દ્ર શર્મા, વાઈસ ચાન્સેલર ડો રાકેશ પટેલ, રજિસ્ટ્રાર ડો અમીત પટેલ, ગણપત વિશ્વ વિધાલયની ટ્રસ્ટીઓ,બોર્ડ મેમ્બર, પ્રોફેસરો, શિક્ષકો સહિત વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ખાનગી વાહનો પર MLA જેવા લખાણની સામે કાર્યવાહી થશે

વાહન વ્યવહાર વિભાગ દ્વારા એક નોટિફિકેશન : ટ્રાફિક પોલીસ અવારનવાર આ અંગે ડ્રાઈવ ચલાવતી હોય છે પણ થોડા સમય બાદ ફરી એમનું એમ થઈ જાય છે

ગાંધીનગર , તા.૨૭

ખાનગી ટુ વ્હીલર તેમજ ફોર વ્હીલર પર પોલીસ કે એમએલએ લખીને બિન્ધાસ્ત રીતે ફરતા લોકો સામે હવે પોલીસ કાર્યવાહી કરશે. આ મામલે વાહન વ્યવહાર વિભાગ દ્વારા એક નોટિફિકેશન જાહેર કરાયું છે, જેમાં જણાવાયું છે કે ખાનગી વાહન પર આવું કોઈપણ લખેલું દેખાય તો વાહનચાલક કે વાહન માલિક સામે કાયદેસરના પગલાં લેવામાં આવે. વિધાનસભાની જાહેર હિસાબ સમિતિએ આ અંગે કાર્યવાહી કરવા માટે માગ કરી હતી, જે બાદ સરકારે વાહનો પર ગેરકાયદે લખાણ લખાવતા લોકો સામે કાર્યવાહી કરવા માટે આદેશ બહાર પાડવામાં આવ્યો છે. અગાઉ પણ વાહનો પર પોલીસ કે એમએલએ લખનારા લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હોવાના દાખલા છે. કેટલાક લોકો તો જાણે પોતાને કોઈ કાયદા લાગુ ના પડતા હોય તેમ આવા લખાણ લખાવીને બેરોકટોક ફરતા હોય છે. મોટર વ્હીકલ્સ એક્ટમાં વાહન પર આવા કોઈપણ લખાણ ના લખાવાની જોગવાઈ છે જ, પરંતુ પોલીસ તેનો ભાગ્યે જ અમલ કરે છે. વળી, મોટાભાગના નેતાઓ તેમજ પોલીસવાળાના જ વાહનો પર આવા લખાણ લખેલા જોવા મળતા હોવાથી પોલીસ તેમની સામે કાર્યવાહી કરવાનું પણ ટાળતી હોય છે. હવે જ્યારે વિધાનસભાની જાહેર હિસાબ સમિતિ દ્વારા આ અંગે ટકોર કર્યા બાદ સફાળો જાગેલો વાહન વ્યવહાર વિભાગ કેટલી કડકાઈથી આ નિયમનું પાલન કરાવે છે તે હવે જોવું રહ્યું.

માછીમારોને ૫ દિવસ દરિયો ન ખેડવા સૂચના

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી આગાહી : દરિયાઈ વિસ્તારમાં ૩ નંબરનું સિગ્નલ : પવનની ઝડપ વધવાની શક્યતાને પગલે માછીમારોને સૂચના અપાઈ

દમણ, તા.૨૭

ગુજરાતના દરિયાની જેમ સંઘપ્રદેશ દમણના દરિયા કિનારે પણ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. દમણના દરિયા કિનારે પણ ૩ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે અને માછીમારોને દરિયો નહીં ખેડવા માટે સૂચન કરવામાં આવ્યું છે. પર્યટકોને પણ દરિયા કિનારા નજીક નહીં જવાના સૂચનો કરવામાં આવ્યા છે.

મહત્વપૂર્ણ છે કે, હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી પ્રમાણે આગામી પાંચ દિવસ સુધી દરિયો તોફાની રહેવાની શક્યતા છે. આથી સલામતીના ભાગરૂપે હવામાન વિભાગે દરિયા કિનારે અલર્ટ જાહેર કર્યુ છે. આથી તંત્ર પણ એલર્ટ છે. દમણના દરિયા કિનારે ત્રણ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે.

આગામી સમયમાં ૪૦થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. આથી દમણના દરિયા કિનારે લોકોને સતર્ક રહેવાની સાથે માછીમારોને પણ દરિયો નહીં ખેડવા સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના મુન્દ્રામાં સ્થાપિત કરવામાં આવશે કરોડોનો પ્લાન્ટ

અદાણી ગ્રુપ કોપરમાં મોટું રોકાણ કરવાની તૈયારીમાં : આ પ્રોજેક્ટ માટે કંપનીએ એસબીઆઇ સહિત અન્ય જાહેર ક્ષેત્રની બેંકો પાસેથી રૂ. ૬૦૦૦ કરોડથી વધુ એકત્ર કર્યા છે

કચ્છ , તા.૨૭

એશિયાના પ્રથમ અને વિશ્વના છઠ્ઠા સૌથી અમીર ભારતીય ઉદ્યોગપતિ ગૌતમ અદાણી એક નવા ક્ષેત્રમાં એન્ટ્રી કરવા જઈ રહ્યા છે. અદાણી ગ્રુપે કોપરમાં મોટું રોકાણ કરવાની તૈયારી કરી લીધી છે. આ પ્રોજેક્ટ માટે કંપનીએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સહિત અન્ય જાહેર ક્ષેત્રની બેંકો પાસેથી રૂ. ૬૦૦૦ કરોડથી વધુ એકત્ર કર્યા છે.

અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડના ડિરેક્ટર વિનય પ્રકાશે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટનું સંચાલન ૨૦૨૪ના પ્રથમ છ મહિનામાં શરૂ થશે. આ ઉપરાંત તેમણે તેને આત્મનિર્ભર ભારત તરફનું પગલું ગણાવ્યું છે અને કહ્યું છે કે આ પ્રોજેક્ટ દેશના ઈલેક્ટ્રિક વાહનઅને રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં મહત્વપૂર્ણ ભૂમિકા સાબિત થશે. વિનય પ્રકાશે કહ્યું કે તે વિશ્વના સૌથી મોટા કોપર રિફાઈનરી સંકુલમાંનું એક હશે.

અહેવાલ મુજબ અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડની પેટાકંપની કચ્છ કોપર લિમિટેડ એક કોપર રિફાઈનરી પ્રોજેક્ટ સ્થાપવા જઈ રહી છે. આ અંતર્ગત ગુજરાતના મુન્દ્રામાં બે તબક્કામાં વાર્ષિક ૧૦ લાખ ટન તાંબાનું ઉત્પાદન કરતું એકમ ગુજરાતના મુંદ્રામાં સ્થાપવામાં આવશે. કંપનીના જણાવ્યા અનુસાર બન્કોએ દ્રઝન્ના પાંચ લાખ ટનની ક્ષમતાવાળા પ્રોજેક્ટના પ્રથમ તબક્કા માટે રૂ. ૬,૦૭૧ કરોડની લોન મંજૂર કરી છે. અદાણી એન્ટરપ્રાઈઝે એક નિવેદન જાહેર કરીને આ જાણકારી આપી છે.

કચ્છ કોપર લિમિટેડ માર્ચ ૨૦૨૧ માં અદાણી એન્ટરપ્રાઈઝની પેટાકંપની તરીકે અસ્તિત્વમાં આવી હતી. હવે આ સેક્ટરમાં રૂ. ૬,૦૭૧ કરોડના રોકાણ સાથે તે ભારતીય કોપર માર્કેટમાં ખાનગી ક્ષેત્રની ત્રીજી સૌથી મોટી કંપની બની જશે.

ગૌતમ અદાણી ગ્રુપની કંપનીને લોન આપનાર સરકારી બેંકોમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બેંક ઓફ બરોડા, કેનેરા બેંક, એક્ઝિમ બેંક ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન બેંક, પંજાબ નેશનલ બેંક અને બેંક ઓફ મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે. હજારો કરોડ રૂપિયાની ગ્રીનફિલ્ડ પ્લાન્ટના પ્રથમ તબક્કામાં વાર્ષિક ૦.૫ મિલિયન ટનની કોપર રિફાઈનિંગ ક્ષમતા માટે હજારો કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

સંજીવ ભટ્ટ અને નેતા સામે ફરિયાદ કરનારા કોન્સ્ટેબલે રક્ષણ માગ્યું

અમદાવાદ, તા.૨૭

ગોધરાકાંડ મામલે સુપ્રિમકોર્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ક્લીન ચિટ આપ્યા બાદ પોલીસ કમિશનર કચેરીમાં ઈમિગ્રેશન ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કરણસિંહ પંતે ગૃહમંત્રી હર્ષ સંઘવીને લેખિત અરજી કરી પોલીસ રક્ષણ માંગ્યું છે. ગોધરાકાંડ બાદ મળેલી તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાજયના આઈપીએસ અધિકારીઓ વચ્ચે થયેલી મિટિંગ અંગે ખોટી એફિડેવીટ કરાવનાર પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટ અને તત્કાલીન વિરોધ પક્ષના નેતા સામે કરણસિંહ પંતે ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં ૨૦૧૧ની સાલમાં ફરિયાદ નોંધાવી હતી. પંતે પોતાની રજુઆતમાં જણાવ્યું છે કે, તેઓને અને તેમના પરિવારને કટ્ટરવાદી તત્વોથી જાનનું જોખમ છે. પંતની અરજીમાં જણાવ્યા મુજબ ૨૦૦૨ના ગોધરાકાંડ બાદ ગત તા.૨૭-૨-૨૦૦૨ના રોજ મળેલી મિટિંગમાં હાજરી બાબતે તત્કાલીન આઈપીએસ સંજીવ ભટ્ટના આક્ષેપો ખોટા સાબિત થયા છે.જેમાં પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટે અમોને ખોટી રીતે સંડોવી ધાકધમકી અને છળકપટથી એફિડેવીટ પર સહીઓ લીધી હતી.

ખોવાયેલ છે

મોજે અમદાવાદ તા.જી.. અમદાવાદની સીમમાં આવેલ અલકનંદા મંદાકીની કો.ઓ.હા.સો.લી.ના ફ્લેટ નં. એફ-૧, ગ્રાઉન્ડ ફ્લોરની મિલકતની માલિક **સ્વ. નટવરલાલ એન. સુથાર**ના વારસદાર **રમા નટવરલાલ સુથાર**ના નામે તબદીલ થયેલ **શેર સર્ટી નં. ૯૧ થી ૯૫** ગાંધીનગરમાંથી ખોવાયેલ છે. જે કોઈ વ્યક્તિને મળેલ હોય તો દિન-૩માં **ભરત પી. ગજ્જર મો નં. ૯૮૨૪૪ ૩૪૩૩૮** ઉપર જાણ કરવા વિનંતી છે.

વધતી ચિંતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંપર્કમાં આવતાં તેમને સઘન સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ઈન્ફોસીટીમાં આજે ત્રણ કેસ નોંધાયા છે અને ત્રણેય મહિલા દર્દી છે.

ઝુંડાલમાં ૩૫ વર્ષીય મહિલા અને ૧૬ વર્ષના યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

સે. ૭ માં ૭ વર્ષના બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૫ માં ૩૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. સરગાસણમાં ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

રાયસણમાં આજે ૩ કેસ નોંધાયા છે. જેમાં બે કેસ મહિલાના છે તો એક પુરૂષ દર્દી છે. મળતી વિગતો પ્રમાણે રાયસણના બે દર્દી જેમાં એક ૨૧ વર્ષીય યુવતી અને ૨૧ વર્ષીય યુવક દહેગામની રક્ષાશક્તિ યુનિ.ના વિદ્યાર્થી હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસો લોકલ ટ્રાન્સમિશનના વધુ હોવાથી તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા કેસો પૈકી ૧૧ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે વધુ ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે નોંધાયેલા કેસ સાથે શહેરમાં હાલ ૬૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેર-જિલ્લામાં એક્ટીવ કેસની સંખ્યા ૧૦૦ પર પહોંચતા જ તંત્રની ચિંતા વધી છે. તંત્ર દ્વારા હવે ટેસ્ટીંગ, ટ્રેકીંગ અને ટ્રીટમેન્ટની થિયરી સાથે સંક્રમણને નિયંત્રણમાં લેવાની કાર્યવાહી હાથ ધરી છે.

ધરણા કર્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચાવડા, તેજાભાઈ દેસાઈ, અશ્વિનભાઈ જોશી સહિતના આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા.

ગાંધીનગર (દ) બેઠકમાં કોબા સર્કલ ખાતે પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુભાઈ પટેલની આગેવાનીમાં ધરણા યોજાયા હતા. જેમાં પ્રદેશ નીરીક્ષક મનહરભાઈ પરમાર, ઉત્પલભાઈ પટેલ, તા.પં. પ્રમુખ ગોપાળજી ઠાકોર, રાજુભાઈ પટેલ, મુકેશભાઈ નાયક, મહોતજી ઠાકોર, બાબુજી ઠાકોર, દિનુભાઈ ઠાકોર, બાલાજી ઠાકોર, એસ.એન. પરમાર, પ્રવિણસિંહ ઠાકોર વિગેરે જોડાયા હતા.

દહેગામ વિધાનસભા વિસ્તારમાં અગ્નિપથ યોજનાના વિરોધમાં શાંતિપૂર્ણ ધરણાનો કાર્યક્રમ દહેગામ ખાતે દહેગામ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ દેવરાજસિંહ ઝાલાની આગેવાનીમાં યોજાયો હતો. ધરણાના કાર્યક્રમમાં એ.આઈ.સી.સી. નિરીક્ષક રાજીવ બૈરાગી, જિલ્લા પ્રભારી ગૌતમભાઈ ધનાવાડિયા, ભરતભાઈ દેસાઈ, બાબુસિંહ ઝાલા, પી.એલ. ચાવડા, કાળુસિંહ બિહોલા, ફકીરસિંહ ઝાલા, રમેશસિંહ ચૌહાણ સહિતના આગેવાનો-કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

રાહત

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિર્ણયમાં જણાવ્યું કે, રાજ્ય સરકાર કાયદો અને વ્યવસ્થા જાળવી રાખે તથા તમામ ૩૯ ધારાસભ્યોના જીવન અને સ્વતંત્રતાની રક્ષા માટે પૂરતા પગલાં લે. તેમની સંપત્તિને કોઈ નુકસાન ન પહોંચે. બંડખોર ધારાસભ્યોના વકીલે કોર્ટમાં તેમની સુરક્ષાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. તે અંગે સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર સરકારને ધારાસભ્યો તથા તેમના પરિવારને પૂરતી સુરક્ષા પૂરી પાડવા જણાવ્યું હતું. શિવસેનાના બાગી ધારાસભ્યોએ આજે સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં અયોગ્ય ઠેરવવા અંગેની નોટિસનો જવાબ આપવાનો હતો. સુપ્રીમ કોર્ટે ડેપ્યુટી સ્પીકરની આ નોટિસ પર ૧૧મી જુલાઈ સુધી રોક લાગતી હોવાનું જણાવ્યું. મતલબ કે હવે ત્યાં સુધી આ ધારાસભ્યોને અયોગ્ય નહીં ઠેરવી શકાય. એકનાથ શિંદેની અરજી પર સુપ્રીમ કોર્ટે લગભગ તમામ પક્ષોને નોટિસ આપી છે. તમામ પક્ષોએ ૫ દિવસની અંદર આ નોટિસનો જવાબ આપવાનો છે. આગામી ૧૧ જુલાઈના રોજ આ કેસની આગળની સુનાવણી હાથ ધરાશે. જે પક્ષોને નોટિસ પાઠવવામાં આવી છે તેમાં ડેપ્યુટી સ્પીકર, વિધાનસભાના સચિવ, કેન્દ્ર સરકાર, મહારાષ્ટ્ર પોલી, શિવસેના ધારાસભ્ય દળના નેતા અજય ચૌધરી, સુનીલ પ્રભુ વગેરેનો સમાવેશ થાય છે.

સુપ્રીમ કોર્ટે સિંઘવીને એવો સવાલ કર્યો હતો કે, જે સ્પીકર સામે અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવામાં આવ્યો હોય તે કોઈ સદસ્યની અયોગ્યતાની કાર્યવાહી કઈ રીતે શરૂ કરી શકે. સુપ્રીમ કોર્ટે એવો સવાલ કર્યો હતો કે, ડેપ્યુટી સ્પીકર પોતાની સામેના પ્રસ્તાવમાં પોતે જ જજ કઈ રીતે બની ગયા? કોર્ટે સવાલ કર્યો હતો કે, શિંદેની ટીમે ઈ-મેઈલના માધ્યમથી ડેપ્યુટી સ્પીકર સામે અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ મોકલી હતી જેના પર ધારાસભ્યોના હસ્તાક્ષર હતા. જવાબમાં ડેપ્યુટી સ્પીકરના વકીલે કહ્યું કે, હા નોટિસ આવી હતી પણ તેને રદ કરવામાં આવી હતી.

વિચારયાત્રા

● અનુસંધાન ચોથાનું ચાલુ...

મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છીએ તેવી મુશ્કેલીઓ તેમના સમયમાં ન પણ હોય. મુશ્કેલીના પ્રકાર અલગ અલગ હોય.

એવું નથી કે અત્યારે ખૂબ જ આરામવાળી જીંદગી છે...અને એવું પણ નથી કે ત્યારે ખૂબ કફોડી હાલત હતી.

પ્રત્યેક સમયની પરિસ્થિતિઓ ભિન્ન ભિન્ન જ રહેવાની.

આપણા પૂર્વજોને પણ મુશ્કેલીઓ આવી હશે...આપણે જીવનની અધિક રફતારથી હાંફી ગયા છીએ,તેઓ કદાચ વધુ પડતી શાંત અને ઠહરાવવાળી જીંદગીથી કંટાળી ગયા હશે. કોઈના માર્ગદર્શનથી જ રસ્તો મળી જતો નથી. માર્ગ મળે તો મંઝિલ સુધી નથી પહોંચતો. આપણે ઘેરાઈ જઈએ, વિખેરાઈ જઈએ એટલે પોકારી ઊઠીએ છીએ કે ' કોઈ રસ્તો બતવો'. કોઈ માટે નીવડેલો માર્ગ બીજા માટે યોગ્ય ન પણનીવડે.

મ્યૂચલ ફંડ્સ આર સબ્જેક્ટ્સ ટુ માર્કેટ રિસ્ક....આવી ચેતવણી કોઈ દિવસ કોઈ વડીલ આપણને શીખામણ આપતા પહેલાં દેતા નથી. એ તો સલાહ આપતી વખતે શુરા-પૂરા અને જો નિષ્ફળ ગયા તો..અમે તો કહેતા જ હતા વાળી પંક્તિ અનુસરનારા છટકબારીઓ રાખવાવાળા વૃદ્ધો પર ભરોસો રાખીને પસ્તાવા કરતાં તો જતે નિર્ણય લઈને નિષ્ફળતા મેળવવી સારી.

'રેડીમેડ કપડા' લઈને પહેરીએ તે આપણને ફિટ આવે, એ બરાબર છે., પણ 'રેડીમેડ' માર્ગદર્શન લઈએ ને તો તો જીવનમાં ક્યારેક ફીટ થઈ જવાય છે.પ્રત્યેકની પોતાની ચાલ હોય છે, કોઈના પગલામાં પગ મૂકવાથી પંથ જડતો નથી.રસ્તા પગની હેઠે હોય છે અને છતાં આપણે પૂછીએ છીએ- રસ્તો ક્યાં છે? રસ્તો દેખાય તો પૂછીએ છીએ કે જવું ન જવું ? ક્યારે જવું? પરંતુ સામે એવા નિખાલસ કે પ્રામાણિક વૃદ્ધ ક્યાં જોવા મળે છે જે સ્વીકાર કરે કે, અમારા નિષ્ફળ અનુભવોનું ભાથું અમારે તમને નથી આપવું, વધારે તડકી છાયડી જોવા માત્રથી જ સલાહ આપવાનુ લાયસન્સ નથી મળી જતુ. વધારે દિવાળી જોઈ હોય એટલે .... કંઈ કેટલાય ચોમાસા જોયા...એટલે..ઋતુચક્રને આભારી છે..બસ આ જ માર્ગદર્શન આપવાનો ઈજારો નથી બની જતો.

મિત્રો ! રખેને આપણી વિનમ્રતાને આપણું મૂઢપણું સમજીને કોઈ અયોગ્ય સમયે બિનઅનુભવી વૃદ્ધ આપણને સલાહોના હથોડા મારવા મેદાનમાં ઉતરી પડે, તે પહેલા ત્યાંથી ખસી જજો.

વૃદ્ધો વંદનીય છે, પણ સાચા અર્થમાં અનુભવ સમૃદ્ધ વૃદ્ધ તો આજની પેઢી મસમોટી ડીંગો હાકતી સલાહ નથી આપતા,પણ ચર્ચા કરે છે., કે.એલ.સાયગલથી માંડીને બાબા સાયગલ અને નૌશાદથી લઈને પાપોન સુધી એકસરખો રસ લે. રાજ કપૂર અને રણબીર કપૂરને એક જ આંખે જુએ..પોતાના ટ્રાન્ઝિસ્ટરને અને એલેક્સાને સરખા ભાવથી જાણે સમજે અને માણે.

આવા વડીલો વૃદ્ધ હોવા છતાં દોસ્ત હોય છે.કારણકે વાર્ધક્ય તો તનથી નહીં મનથી આવતું હોય છે. આવા વડિલોની વાત સાંભળવી , સમજવી.....પણ છેલ્લે અમલ તો ત્યારે જ કરવો જ્યારે આપણાં પગ એ રસ્તે જવાની અનુમતિ આપતા હોય.

- jayuoza@gmail.com,
Mo.9898046488